GJBT020020732025		દાખલ તારીખઃ–૨૯/૦૫/૨૦૨૫ રજીસ્ટર તારીખઃ–૨૯/૦૫/૨૦૨૫ નિકાલ તારીખઃ–૧૭/૦૩/૨૦૨૬ સમયઃ–વર્ષ– માસ– દિવસ–

મહે.બોટાદના અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમા,
મુકામ–બોટાદ, જિ.બોટાદ

ફોજદારી કેસ નંબરઃ–૧૨૩૪/૨૦૨૫

આંકઃ–

ફરિયાદી : **શ્રી સર્વોદય ક્રેડિટ કો.ઓ.સોસાયટી લી. બોટાદના**
કલાર્ક શ્રી નરેનદ્રભાઈ સીતારામભાઈ રામાવત,
ઉ.વ.૪૯, ધંધો–નોકરી,
રહે.બોટાદ, પાંજરાપોળ રોડ, તા.જિ.બોટાદ.

વિરૂદ્ધ

આરોપી : **રાજુભા જોરૂભા પરમાર**
ઉ.વ.૫૫, ધંધો–હીરા,
રહે.બોટાદ,આનંદધામ ગેટ–૦૪, ગઢડા રોડ,
તા.જિ.બોટાદ.

ગુનો:–ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ...

ફરિયાદી તરફે વિ.વ.શ્રી વી.જી.ખસીયા
આરોપી તરફે કોઈ નહીં.

:: <u>ઠરાવ</u> ::

(૧) **ફરિયાદપક્ષના કેસની ટૂક હકિકત એવી છે કે,** ફરિયાદી શ્રી સર્વોદય ક્રેડિટ કો.ઓપ.સોસાયટી લી.બોટાદના કલાર્ક છે અને તેઓને સદરહું સામાવાળા પર ફરિયાદ કરવાના ઠરાવથી પાવર્સ આપેલ છે. આ સોસાયટી સહકારી કાયદા અન્વયે રજીસ્ટર્ડ થયેલ છે જેનો નંબર સે.નં.૬૯૮૬/૯૫, તા.૨૧/૦૯/૧૯૯૫ છે અને આ કામના સામાવાળા સદરહું સોસાયટીના સભાસદ છે. ફરિયાદીની સોસાયટીમાંથી આ કામના સામાવાળાએ હીરાના ધંધા માટે રૂ.૩૫,૦૦૦/–ની લોન વાર્ષિક ૧૫ ટકાના વ્યાજે તા.૧૭/૦૪/૨૦૨૩ ના રોજ હપ્તાથી પાછી આપવાની શરતે લીધેલ અને તે અંગે પ્રોમિસરી નોટ વગેરે દસ્તાવેજો સામાવાળાએ ફરિયાદી સોસાયટીને કરી આપેલ છે તે રીતે સદરહું લોનની રકમ વ્યાજસહીત ભરી આપવા માટે સામાવાળા જવાબદાર છે. સામાવાળાને આપેલ લોનની રકમ અને વ્યાજ વગેરેની રકમ તેમજ વસૂલ આવેલ રકમ જમા લેતા તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ રૂ.૩૫,૫૬૩/– ફરિયાદી સોસાયટીના બાકી લેણા પડે છે જે રકમ અંગે સામાવાળાએ ફરિયાદી સોસાયટીના નામનો રૂ.૩૫,૫૬૩/– નો શ્રી બોટાદ મર્કેન્ટાઇલ કો–ઓપરેટીવ બેંક લી. બોટાદ શાખાનો ચેક નં.૨૯૪૩૮૩, તા.૧૬/૦૪/૨૦૨૫ ની પાકતી તારીખનો આપેલ જે ચેક વટાવવા નાખતા સામાવાળાના બેંકના ખાતામાં નાણાં નહીં હોય સદરહું ચેક શ્રી બોટાદ મર્કેન્ટાઇલ કો–ઓપરેટીવ બેંક લી. બોટાદ ના તા.૧૬/૦૪/૨૦૨૫ ના " FUNDS INSUFFICIENT AND A/C INOPERATIVE " ના શેરાવાળા રીટર્ન મેમો સાથે વગર સ્વિકાર્યે પરત આવેલ. આમ, સદરહું ચેક ફન્ડ ઇનસફિશિયન્ટ તથા એકાઉન્ટ ઇનઓપરેટીવ ના શેરા સાથે પરત ફરેલ અને ફરિયાદીને કાયદેસરના લેણાં પેટેની રકમ મળેલ નહીં. જેથી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે. જેથી ફરિયાદીએ ગઇ તારીખઃ–૨૨/૦૪/૨૦૨૫ ના રોજ રજી.એ.ડી. પોસ્ટથી આરોપીના સરનામે વકિલશ્રી મારફતે નોટિસ આપેલ છે. જે નોટિસ આરોપીને તારીખઃ–૨૪/૦૪/૨૦૨૫ ના રોજ મળી ગયેલ છે અને આરોપીએ તેનો કોઇ જવાબ આપેલ નથી. તેથી આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે તેમ કહી હાલના ગુના અંગેની ફરિયાદ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

(૨) વધુમાં હાલના કેસમાં આરોપીને સમન્સ બજતા તેઓ હાજર થયેલ છે અને તેઓ તરફે આંક–૦૬ થી વકીલપત્ર રજૂ કરેલ છે. પરંતુ ત્યારબાદ તેઓ કે તેમના તરફે કોઇ હાજર રહેલ ન હોય આંક–૦૧ લગત હુકમ કરી હાલનો કેસ પ્લી ડિસ્કાર્ડ કરી એકતરફી ચલાવવાનો તથા ઉલટતપાસનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) વધુમાં ફરિયાદપક્ષે રજૂ કરેલ **નિ.૩/૧ થી ૩/૭** વાળા દસ્તાવેજોને **આંક–૦૮ થી ૧૪** આપેલ છે. તેમજ ફરિયાદપક્ષ નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે.

(૪) આ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા છે.

:: મૌખિક પુરાવો ::

ક્રમ	જુબાની	આંક
૧	ફરિયાદી નરેન્દ્રભાઇ સિતારામભાઇ રામાવતનું સરતપાસનું સોગંદનામું	૦૪

:: દસ્તાવેજી પુરાવો ::

ક્રમ	જુબાની	આંક
૧	અસલ ચેક નંબર–૨૯૪૩૮૩, તા.૧૬/૦૪/૨૦૨૫	૦૮
૨	બેંકનો ચેક રીટર્ન મેમો, તા.૧૬/૦૪/૨૦૨૫	૦૯
૩	આરોપીને આપેલ ડિમાન્ડ નોટિસ, તા.૨૨/૦૪/૨૦૨૫	૧૦
૪	નોટિસ આર.પી.એડી કર્યાની પહોંચ તા.૨૫/૦૪/૨૦૨૫	૧૧
૫	પ્રોમિસરી નોટ, તા.૧૭/૦૪/૨૦૨૩	૧૨
૬	ઠરાવ, તા.૨૬/૦૫/૨૦૨૫	૧૩
૭	પોસ્ટનો ઓનલાઇન ટ્રેકીંગ રીપોર્ટ, તા.૨૨/૦૪/૨૦૨૫	૧૪

વધુમાં આ કામે ફરિયાદપક્ષે પુરાવો પુર્ણ થતાં **આંક–૧૫ થી કલોઝીંગ**

પુરસીસ આપી પોતાનો પુરાવો પુર્ણ રાખેલ છે.

(૫) ત્યારબાદ આરોપી હાજર ન રહેતા સબબ કામ આરોપીના વિશેષ નીવેદન માટે રાખવામાં આવેલ હોવા છતાં આરોપી હાજર રહેલ ન હોય આરોપીનું વિશેષ નીવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે વિ.વ.શ્રી **વી.જી.ખસીયાનાઓની** મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જ્યારે બચાવપક્ષ તરફે આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ ન હોય તેઓ તરફે કોઇ રજૂઆત નથી.

(૭) ઉપરોક્ત હકિકતોએ સદરહું કેસનાં ન્યાયિક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

:: <u>મુદ્દાઓ</u> ::

(૧) શું ફરિયાદપક્ષ એ હકિકત નિશંકપણે સાબિત કરે છે કે આરોપીએ ફરિયાદીનું કાયદેસરનું લેણું રૂ.૩૫,૫૬૩/- (અંકે રૂપિયા પાંત્રીસ હજાર પાંચસો ત્રેસઠ) પુરા ચૂકવવા માટે પોતાની શ્રી બોટાદ મર્કેન્ટાઇલ કો. ઓપ. બેંક લી., બોટાદ શાખાનો રૂ.૩૫,૫૬૩/- ચેક નં.૨૯૪૩૮૩, તારીખઃ-૧૬/૦૪/૨૦૨૫ ના રોજ ફરિયાદીએ પોતાની શ્રી બોટાદ મર્કેન્ટાઇલ કો.ઓપ.બેંક લી., બોટાદ શાખામાં જમા કરાવતા વગર વસૂલાતે " FUNDS INSUFFICIENT AND A/C INOPERATIVE "ના શેરા સાથે તારીખઃ-૧૬/૦૪/૨૦૨૫ ના રોજ રીટર્ન મેમા માં જણાવેલ કારણસર સદર ચેક પરત ફરેલ છે?

(૨) શું ફરિયાદપક્ષ એ નિશંકપણે પુરવાર કરે છે કે, બેંકે ચેક સ્વિકાર્યા વિના પરત ફરેલો જેની જાણ ફરિયાદીને જાણ થયાના ૩૦ દિવસમાં આરોપીને લેણાં અંગે નોટિસ આપેલી હોવા છતાં આરોપી નિયત સમયમાં ફરિયાદીની રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલા છે?

(૩) આખરી હુકમ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓ સંદર્ભે મારા નિર્ણોય અને તેના કારણો નીચે મુજબ છે.

:: <u>નિર્ણયો</u> ::

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) આખરી હુકમ મુજબ...

:: <u>કારણો</u> ::

<u>મુદ્દા નંબર–૧ થી ૩</u>

(૯) મુદ્દા નંબર–૧ થી ૩ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય હકિકતો અને પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુસર આ તમામ મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે, આ કામે આરોપી દ્વારા ફરિયાદીને કાયદેસરના લેણાં પેટે ચેક આપેલ નથી તે ફરિયાદી દ્વારા રજૂ કરેલ પુરાવાનું ખંડન કરી સાબિત કરવાનું રહે છે. આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮માં જણાવેલ આક્ષેપો સાબિત કરવા માટે કેસ મુજબના નીચેના આવશ્યક તત્વો હોવા જરૂરી છેઃ–

૧. આરોપીએ ફરિયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશતઃ કાયદેસરનું દેવું અથવા જવાબદારી અદા કરવા માટે આપેલો હતો.

૨. ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકની નિયત સમયમર્યાદામાં રજૂ કરવામાં આવેલ હતો.

૩. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટિસ ચેક લખનાર આરોપીને મોકલેલ હતી.

૪. આરોપીને આવી નોટિસ મળી ગઈ હોવા છતાં માંગણા નોટિસમાં જણાવ્યા મુજબ ચેકના નાણાં ૧૫ દિવસની સમયમર્યાદમાં આરોપીએ ફરિયાદીને ચૂકવી આપેલ નથી.

૫. ફરિયાદીએ નિયત સમયમર્યાદામાં હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

(૧૦) મુદ્દા નંબર–૧ થી ૩ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય હકિકતો અને પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુસર આ તમામ મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે, ફરિયાદી તરફે **વિ.વ.શ્રી વી.જી.ખસીયા** તેમની રજૂઆતમાં જણાવે છે કે, આરોપી દ્વારા ફરિયાદી ક્રેડિટ સોસાયટી પાસેથી લોન લીધેલ હોવા છતાં તેના હપ્તા નિયમિત ભરેલ નથી ત્યારે ફરિયાદીનું કાયદેસરનું લેણું આરોપી ઉપર પુરવાર કરે છે જે સાબિત કરેલ છે. વધુમાં બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ફરિયાદીની કોઇ ઉલટતપાસ લીધેલ નથી ત્યારે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ એ હકિકત માની લેવામાં આવશે કે આરોપીએ કાયદેસરના લેણાં પેટે ચેક આપેલ છે.

આ કામે ફરિયાદી તરફે આંક–૧૨ થી પ્રોમિસરી નોટ રજૂ રાખવામાં આવેલ છે જે દસ્તાવેજ વંચાણે લેતાં આરોપી દ્વારા રૂ.૩૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંત્રીસ હજાર) પુરા ની લોનની માંગણી કરવામાં આવેલ છે તેમજ ઉપરોક્ત લોન સબંધે જે કંઇપણ શરતો હશે તેની આરોપી દ્વારા સહી કરી કબૂલ રાખેલ છે ત્યારે આરોપીની રૂ.૩૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંત્રીસ હજાર) પુરાની લોન મંજૂર કરવામાં આવેલ છે જે આરોપી દ્વારા આંક–૧૨ થી ફરિયાદી સોસાયટીને ચૂકવવા માટે પ્રોમિસરી નોટ લખી આપેલ છે જે નીચે આરોપી દ્વારા તેમની સહી કરી તેઓ કબૂલ મંજૂર રાખેલ છે ત્યારે આરોપી દ્વારા ફરિયાદી બેંક પાસેથી લોન લીધેલ છે અને તેના હપ્તા નિયમિત ભરેલ નથી.

(૧૧) વધુમાં ફરિયાદપક્ષે આંક–૦૮ થી તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજનો ચેક નંબર–૨૯૪૩૮૩ રજૂ રાખેલ છે જે આંક–૦૯ થી જમા કરાવતા ઉપરોક્ત ચેક રીટર્ન મેમા સાથે પરત ફરેલ છે જેમાં તકરારી ચેક રીટર્ન મેમામાં દર્શાવેલ " FUNDS INSUFFICIENT AND A/C INOPERATIVE " ના કારણે સદર ચેક પરત ફરેલ હોવાનું જણાવેલ છે જે અંગેનો ફરિયાદી સોસાયટીને જાણ કરતો પત્ર લખેલ છે ત્યારે તકરારી ચેક ફંડ ઇનસફિશિયન્ટ એકાઉન્ટ ઇનઓપરેટીવના શેરા સાથે પરત ફરેલ છે ત્યારે આરોપીએ આપેલ ચેક ફરિયાદીએ નિયત સમયમાં બેંકમાં જમા કરાવેલ છે તેવી હકિકત સાબિત થાય છે.

(૧૨) ફરિયાદપક્ષે **વિ.વ.શ્રી વી.જી.ખસીયા** તેમની મૌખિક રજૂઆતમાં જણાવે છે કે, ફરિયાદના કામે આરોપીએ આપેલ કાયદેસરના લેણાં પેટે ચેક પરત ફરતા આરોપીને નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ નિયત સમયમર્યાદમાં રજી.એડી. થી નોટિસ આપેલ છે જેથી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ કાયદા મુજબ ચેક પરત ફરતા દિન–૩૦ માં નોટિસ આપવી પડે ત્યારે કાયદા મુજબ ફરિયાદીએ દિન–૩૦ માં નોટિસ આપેલ હોય ત્યારે નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટના આવશ્યક તત્વનું પાલન થયેલ હોય ત્યારે આરોપીને યોગ્ય સમયમર્યાદમાં નોટિસ આપેલ છે જે ફરિયાદીએ પુરવાર કરેલ છે.

આ કામે ચેક રીટર્ન થયા બાદ આરોપીને એક માસમાં નોટિસ આપવી પડે ત્યારે તકરારી ચેક આંક–૦૯ થી રીટર્ન થતા તેની જાણ ફરિયાદીને થતા **આંક–૧૦ વાળી નોટિસ તા.૨૨/૦૪/૨૦૨૫** ના રોજ આરોપીના ઘરના સરનામે કરેલ છે જે સબબ **આંક–૧૧ થી રજી.એડી પોસ્ટ કર્યાની પહોંચ** રજૂ રાખેલ છે ત્યારે આરોપી આપેલ આંક–૦૮ વાળો તકરારી ચેક " FUNDS INSUFFICIENT AND A/C INOPERATIVE " થી તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ પરત ફરતા એક માસમાં નોટિસ આપવી પડી જે દસ્તાવેજ ધ્યાને લેતાં આંક–૧૦ વાળી નોટિસ સમયમર્યાદામાં આપેલ છે જે પુરવાર થાય છે.

(૧૩) વધુમાં આ કામે ફરિયાદી તરફે આંક–૧૩ થી ઠરાવની પ્રમાણિત નકલ રજૂ રાખવામાં આવેલ છે જે વંચાણે લેતાં તેમાં હાલના ફરિયાદીને લેણાં વસૂલાત કરવા માટે વકીલ રોકવાની તથા બીજી કાર્યવાહી કરવાની સત્તા ફરિયાદી સોસાયટી દ્વારા આપવામાં આવેલ છે.

(૧૪) વધુમાં આ કામે ફરિયાદીના વિ.વ.શ્રી તેમની મૌખિક રજૂઆતમાં જણાવે છે કે, તેઓ દ્વારા આરોપી પાસેથી કોઇ સિક્યોરીટી પેટે ચેક લીધેલ નથી તેવી રજૂઆત કરેલ છે.

આ કામે સિક્યોરીટી પેટે ચેક ક્યારે ગણાય અને ક્યારે ન ગણાય તે અંગે નામદાર ઉચ્ચ અદાલતના વિવિધ ચૂકાદાઓમાં જણાવેલ છે.

નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સામ્પેલી સત્યનારાયણ રાવ વિરૂદ્ધ ઈન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલેપમેન્ટ એજન્સી લી.(૨૦૧૬) ના ચૂકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ જ્યારે લોન અંગે કરાર થયેલ અને આવો કોઈ ચેક આપેલ હોય ત્યારે ચેક પરત ત્યારે એમ કહી શકાય નહીં કે આવો ચેક સિક્યોરીટી પેટે આપેલ છે.

વધુમાં નામદાર ઉચ્ચ અદાલત દ્વારા **ઈન્ડસ એરવેજ પ્રાઈવેટ લી. વિરૂદ્ધ મેગનમ એવીયેશન પ્રાઈવેટ લી. (૨૦૧૪) એ.સી.સી. ૫૩૯** ના ચૂકાદામાં ઠરાવેલ સિદ્ધાંત વંચાણે લેવામાં આવે તો જ્યારે કોઈ કરાર કરવામાં આવેલ હોય અને તે પેટે અગાઉ ચેક આપેલ હોય અને તે કરારનો ભંગ થાય તો આવો ચેક કોઈ કાયદેસરના દેવા પેટે આપેલ છે તેમ ગણાશે.

આમ, આરોપી દ્વારા ફરિયાદી બેંક પાસેથી લોન અંગેનો કરાર કરી લોન લીધેલ છે તે હકિકત સાબિત થાય છે અને આરોપી દ્વારા ફરિયાદી બેંકના બાકી લોનની રકમ ચૂકવેલ ન હોય ત્યારે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ કાયદા મુજબ ગુનો બને છે.

આમ, ઉપરોક્ત જોગવાઈઓ ધ્યાને લેતાં આરોપીએ ફરિયાદીને લેણાં પેટે ચેક આપેલ તેવું માનવાને રહે છે. આરોપી તરફે કોઈ વિરૂદ્ધનો પુરાવો રજૂ કરી ઉપરોક્ત હકિકતને નહીં માનવાને કારણ છે તેવું પણ પુરવાર કરેલ નથી.

(૧૫) વધુમાં હાલની ફરિયાદ કાયદેસરની ફરિયાદ છે કે કેમ તે ધ્યાને લેવામાં આવે તો આરોપીને નોટિસ આપ્યા બાદ લેણી રકમ ચૂકવવા માટે દિન–૧૫ પસાર કર્યા બાદ દિન–૩૦ માં ફરિયાદ દાખલ કરવી પડે ત્યારે આરોપીને આંક–૧૦ મુજબ નોટિસ તા.૨૨/૦૪/૨૦૨૫ ના રોજ આપેલ છે જે લગત આંક–૧૪ થી આરોપીને નોટિસ બજી ગયેલ છે તેનો **ટ્રેકીંગ કન્સાઈમેન્ટ** રજૂ રાખેલ છે ત્યારે આરોપીને કાયદેસરની નોટિસ બજેલ છે તેવી હકિકત પુરવાર થાય છે.

વધુમાં આરોપને નોટિસ તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ બજ્યા બાદ દિન–૧૫ માં એટલે કે તા.૧૦/૦૫/૨૦૨૫ ના રોજનો આરોપીને ચૂકવણી માટેનો સમય ગણી એક માસમાં ફરિયાદ દાખલ કરવી પડે ત્યારે હાલની ફરિયાદ તા.૦૯/૦૬/૨૦૨૫ સુધીમાં દાખલ કરવી પડે ત્યારે હાલની ફરિયાદ

તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ દાખલ કરેલ હોય ત્યારે ફરિયાદ નિયત સમયમર્યાદમાં દાખલ કરેલ છે તે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાથી સાબિત થાય છે.

ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ માં કરવામાં આવેલ અનુમાનોની વિરૂદ્ધની હકિકત આરોપી સાબિત ન કરે તો એ હકિકત માની લેવામાં આવશે કે આરોપીએ આપેલ ચેક કાયદેસરના લેણાં પેટે આપેલ છે.

આમ, ફરિયાદપક્ષનો સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ હોય, **મુદ્દા નં.૧** તથા **મુદ્દા નં.૨** નો જવાબ **હકારમાં** આપી આરોપીને **ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮** ગુનામાં **દોષિત** ઠરાવું છું.

(૧૬) ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના શિક્ષાત્મક ગુનાની પ્લી તથા ઇન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયબલ પદ્ધતિથી ચલાવવામાં આવેલ છે તે સંજોગોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨) મુજબ આ કામના આરોપીને દોષિત ઠરાવવામાં આવે ત્યારે આરોપીને સજાના મુદ્દે સાંભળવાની કોઇ જરૂરિયાત નથી તેમ છતાં કુદરતી ન્યાયના સિદ્ધાંતને ધ્યાને રાખી આરોપીને સજાના મુદ્દે સાંભળવા જરૂરી છે.

હુકમ આજરોજ તા.૧૭ મી, માહે માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૧૭/૦૩/૨૦૨૬

સ્થળઃ–બોટાદ

(ભાવેશભાઇ ગોવિંદભાઇ સોલંકી)
અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
બોટાદ. (કોડ–જી.જે.૦૦૯૭૬)

<u>સજા અંગે સાંભળ્યા</u>

(૧૭) આ કામે ફરિયાદીના વિ.વ.શ્રી હાજર છે ફરિયાદ હાજર નથી. વધુમાં ફરિયાદી પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે. ફરિયાદીએ નાણાં વસૂલ મેળવવા માટે આરોપી પાસે કોઇ સવિલ દાવો કરેલ નથી ત્યારે આરોપી પોતે હીરા મજૂરી અને ખેતી મજૂરી કરતા હોવા છતાં ફરિયાદીના બાકી લેણાં નહીં ચૂકવી ફરિયાદીને આર્થિક નુકસાન કરેલ છે.

(૧૮) આ કામે આરોપીના વિ.વ.શ્રી કે આરોપી પોતે રજૂઆત માટે હાજર નથી કે કોઇ રીપોર્ટ રજૂ નથી ત્યારે આરોપીની ગેરહાજરીમાં સજા કરી શકાય કે કેમ તે અંગે નામદાર ઉચ્ચ અદાલતનો ચૂકાદો વંચાણે લેવામાં આવે તો **<u>શરદ જેઠાલાલ સાવલા વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ ૨૦૧૭ (૩) જી.એલ.એચ. ૧૪૬</u>** ના ચૂકાદમાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ આરોપીની ગેરહાજરીમાં ચૂકાદો આપવાથી ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ–૩૫૩(૭) હેઠળ ચૂકાદો ગેરલાયક ઠરી શકે નહીં. ત્યારે હાથ ઉપરના ચૂકાદામાં આરોપીએ ચૂકાદા વખતે હાજર રહેવું તે તેની ફરજ હોવા છતાં હાજર રહેલ નથી ત્યારે હાથ પરના કેસમાં ચૂકાદો આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે.

(૧૯) હાલના કામે નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ ની જોગવાઇઓ ધ્યાને લેતાં બે વર્ષ સુધીની કેદની અથવા ચેકની રકમના બમણી રકમ સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરી શકશે.

(૨૦) વધુમાં હાથ ઉપરના કેસમાં ફરિયાદીની ફરિયાદ દાખલ કર્યાને **૮(આઠ) મહીના** ઉપરાંતનો સમય પસાર થઇ ગયેલ છે અને ફરિયાદી આરોપીને તકસીરવાન ઠરાવવામાં સફળ થયેલ છે, પરંતુ ચેક પરત ફરવાથી થયેલ નુકસાન અને તેનું વળતર સમયમર્યદાને કારણે મેળવી શકેલ નથી.

(૨૧) ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટનો મુખ્ય હેતુ લોકોનો બેંક વ્યવહારમાં અને વેપાર ધંધામાં ચેકથી લેવડદેવડ કરતા ચેકમાં સામાન્ય પ્રજાજનોનો

વિશ્વાસ ટકી રહે તે છે. વધુમાં આ કામે બેંક જ ફરિયાદી હોય ત્યારે હાલનો ગુનો નાણાંકીય પ્રકારનો આર્થિક ગુનો છે. વધુમાં હાલના તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતનો નીચે મુજબનો ચૂકાદો પણ ધ્યાને લેવો જરૂરી જણાય આવે છે.

૨૦૧૨(૨) જી.એલ.આર.(એસ.સી) ૧૩૫૩ આર.વિજયન વિ. બાબે અને બીજાઓ

સદર ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે જ્યારે ફરિયાદ આરોપીને તકસીરવાન ઠરાવવામાં સફળ થયા હોય, પરંતુ ચેક પરત ફરવાથી નુકસાન ગયેલ હોય તેનું વળતર મેળવી શકે નહીં કારણકે કેસની કાર્યવાહી દરમિયાન સમયમર્યદા પુરી થઇ ગયેલ હોય. આવા બનાવને થતા અટકાવવા અને સમાનતા લાવવા માટે અદાલતે નિરીક્ષણ કર્યું કે જ્યારે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે ત્યારે ચેકની રકમથી બમણી રકમનો દંડ ભરવા હુકમ કરવો અને તેમાંથી ચેકની રકમ જેટલું વળતર ૯ ટકાના સાદા વ્યાજ સાથે ફરિયાદીને ચૂકવવાનો હુકમ કરવો અને જ્યારે સજામાં દંડનો સમાવેશ થતો ન હોય અને કોર્ટને એવું જણાય કે કોઇ વ્યકિતને આરોપીના કૃત્ય દ્વારા નુકસાન, ઇજા થયેલ છે, ત્યારે ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ–૩૫૭(૩) મુજબ વળતરનો કોર્ટ હુકમ કરી શકેશે.

આમ, ઉપરોક્ત કેસના સંજોગો જોવામાં આવે તો રેકર્ડ ધ્યાને લેતાં આરોપી દ્વારા ફરિયાદીના પૈસા ચૂકવવાની કોઇ કોશિષ કરેલ નથી. વધુમાં ચૂકાદા વખતે પણ ગેરહાજર રહેલ છે અને તેઓ બેંકના વ્યવહારથી માહિતગાર હોવા છતાં ફરિયાદની રકમ ચૂકવેલ નથી. વધુમાં આરોપી પાસે નાણાંની કોઇ જ જોગવાઇ નથી તેવું માની શકાય તેમ નથી કેમ કે આરોપી પોતે હીરા મજુરી કરતા હોવા છતાં ફરિયાદીની રકમ ચૂકવેલ નથી ત્યારે ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લેતાં આરોપીના કૃત્યને લીધે ભોગવવી પડેલ ઇજા અને નુકસાનને પણ ધ્યાને લેતાં ફરિયાદીએ નાણાં વૂસલ મેળવવા માટે કોઇ અલગ દિવાની દાવો કરેલ ન હોય તેમજ અન્ય પ્રકારનો સિવિલ તેમજ ક્રિમિનલ દાવાદુવીનો અંત લાવવા અને ચેકથી થતા વ્યવહારોમાં અને સામાન્ય લોકોમાં બેંક વ્યવહારોમાં ચેકની વિશ્વનિયતા ટકી રહે તેમજ ચેકનો દુરૂપયોગ થતો અટકે તે હકિકતને ધ્યાનમાં રાખીને તેમજ ઉપરોક્ત તમામ રજૂઆતો, જોગવાઇઓ તથા વિવિધ ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતોને ધ્યાને રાખીને નીચે

મુજબનો આખરી હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાશે, તેવા નિર્ણય પર આવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

આ ખ રી હુ ક મ

(૧) આ કામના આરોપી **રાજુભા જોરૂભા પરમાર,** રહે. બોટાદ, આનંદધામ ગેટ-૪, ગઢડા રોડ, તા.જિ.બોટાદનાઓને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૮(૨)** અન્વયે **ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮** મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી ૬ માસની સાદી કેદની સજા તથા **રૂ.૭૧,૧૨૬/-(અંકે રૂપિયા એકોતેર હજાર એકસો છવ્વીસ)** પુરા દંડનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપીએ વળતર પેટે ઉપરોક્ત દંડની રકમમાંથી **રૂ.૩૫,૫૬૩/-(અંકે રૂપિયા પાંત્રીસ હજાર પાંચસો ત્રેસઠ)** પુરા ફરિયાદીને ચૂકવવાનો આથી હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ **૧ (એક) માસની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી ચૂકાદાની પ્રસિદ્ધી વખતે હાજર રહેલ ન હોય આરોપીને સજા ભોગવવા માટે ધરપકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) વધુમાં જ્યારે આરોપી પકડાઇને આવે ત્યારે કાયદા મુજબ તેઓને ચૂકાદાની નકલ વિનામુલ્યે પુરી પાડવી અને માંગણી કરેથી ફરિયાદીને નકલ પુરી પાડવી તે સીવાય અન્ય કોઇને ચૂકાદાની નકલ આપવી નહીં.

(૪) વધુમાં આરોપીના જામીન તથા બોન્ડ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ઉપરોક્ત સજાઓ એકસાથે ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૭ મી, માહે માર્ચ, સને-૨૦૨૬ની રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ-૧૭/૦૩/૨૦૨૬ (ભાવેશભાઇ ગોવિંદભાઇ સોલંકી)
સ્થળઃ-બોટાદ અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
બોટાદ. (કોડ-જી.જે.૦૦૯૭૬)